(( ))

# વેચાણ દસ્તાવેજ

અવેજ **રૂ.** /–અંકે રૂપિયા પુરાનો.

વિક્રમ સંવત ના ને વાર તા. મી, માહે , સને ના અંગ્રેજી દિને...

**<u>પહેલા પક્ષના આ વેચાણનો દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનારઃ–</u>**

**PAN NO.**

ઉ.આ.વ. , ધંધો : ,

ઠેકાણું :

**જોગ લી..**

**<u>બીજા પક્ષના આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર :</u>**

_(૧) વનીતાબેન પ્રભાતસિંહ સોલંકી, **PAN NO. ACIPS4826Q**
ઉ.આ.વ. ૭૭, ધંધો : ખેતી તથા ઘરકામ,
રહેવાસી : ૧, શ્રીનાથજી પ્લોટસ, ગ્રીન એવન્યુ પાસે, ઘોડદોડ રોડ, સુરતના

(૨) પ્રતિભાબેન વિજયસિંહ સોલંકી **PAN NO. AGUPS7958P**
ઉ.આ.વ. ૫૩, ધંધો : ખેતી તથા ઘરકામ,
રહેવાસી : એજનના.

(૩) ઉર્વશીબેન તે પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકીની દિકરી
ઉ.આ.વ. ૫૩, ધંધો : ખેતી તથા ઘરકામ, **PAN NO. AZBPR4236R**
રહેવાસી : એજનના.

(૪) ભાવનાબેન તે પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકીની દિકરી
ઉ.આ.વ. ૫૦, ધંધો : ખેતી તથા ઘરકામ, **PAN NO. AGSPS1727Q**
રહેવાસી : એજનના.

(૫) અંજુબેન તે પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકીની દિકરી
ઉ.આ.વ. ૪૮, ધંધો : ખેતી તથા ઘરકામ, **PAN NO. ABQPA9462K**
રહેવાસી : એજનના.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

(૬) વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી **PAN NO. ACIPS4825P**

ઉ.આ.વ. ૫૫, ધંધો : ખેતી,

રહેવાસી : એજનના જાતે પોતે તથા નંબર–૧ થી ૫ના કુલમુખત્યાર તરીકે

(ઉપરોકત બન્ને પક્ષનાઓ હવે પછીના આ વેચાણ દસ્તાવેજમા અનુક્રમે પહેલા પક્ષનાઓ ''ખરીદનારા'' અગર ''વેચાણ રાખનારા'' અગર ''તમો'' અગર ''પહેલા પક્ષનાઓ''તરીકે તથા બીજા પક્ષના ''વેચનારા'' અગર '' લખી આપનાર''અગર ''અમો''અગર ''બીજા પક્ષના ''તરીકે સંબોધવામાં આવેલ છે.સદરહુ સંબોધવામાં આવેલ ખરીદનાર કે વેચનાર પક્ષકારો પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરી, એસાઈનીઓ, એકઝીકયુર્ટસ,સકસેસર્સ,ઇત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

આ વેચાણ દસ્તાવેજ થકી હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે,

**(૧)** સુરત ડીસ્ટ્રીકટ, સીટી સબ–ડીસ્ટ્રીકટ, શહેર સુરતના અલથાણ વિસ્તારમાં આવેલ અલથાણના રેવન્યુ સર્વે નંબર–૫૪/૨ + ૩૭ પૈકી બ્લોક નંબર–૬૫ પૈકીથી નોંધાયેલી જમીનોને એકત્રીકરણ લાગુ પડતા, સર્વે નંબર–૫૪/૨ વાળી કુલ ૩૨૩૭૬ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન તથા સર્વે નંબર–૩૭ વાળી મૂળ ૩૨૩૭ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનને આપવામાં આવેલ બ્લોક નંબર–૬૫ થી નોંધાયેલી ખેતીની જમીન ચાલી આવેલી. સદરહુ જમીનને ટી.પી. સ્કીમ નંબર–૨૮(અલથાણ–ભટાર) લાગુ પડતા, ટી.પી. સ્કીમ નંબર–૬૫ ને, ફાઈનલ પ્લોટ નંબર–૪૧ ફાળવવામાં આવેલો અને ફાઈનલ પ્લોટ નંબર–૪૧ નું આખરી ક્ષેત્રફળ ૨૫૪૬૦ ચો.મી. વાળી જમીન પૈકી સબ–પ્લોટ નંબર–૨ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૮૦૩૬ ચો.મી. છે તે બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી પ્લોટ નંબર– બી/૨ થી બી/૬ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૧૨૧૫.૮૯ ચો.મી. પૈકી સબ પ્લોટ નંબર–..... થી નોંધાયેલ જેનું ........... ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ખુલ્લા પ્લોટવાળી મિલ્કતને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સગવડતા ખાતર

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

**"સદરહુ મિલ્કત"** તરીકે ઓળખવામાં આવશે તે સદરહુ મિલ્કત અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા વહીવટી, ભોગવટા, વપરાશની ચાલી આવેલી છે અને તેમાં હમો બીજા પક્ષના સિવાય બીજી કોઈપણ વ્યકિતનો હકક, હિસ્સો કે લાગભાગ આવેલો નથી અને તે અધિકારની રૂએ સદરહુ મિલ્કત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને અવેજના **રૂા. ............./—**અંકે રૂપિયા ................................ એક પુરાના કિંમતનો અવેજ બદલ સદરહુ મિલ્કત વેચાણ આપી છે. હમો બીજા પક્ષનાને તમો પહેલા પક્ષનાએ અવેજની રકમ સહિતની કુલ્લે વેચાણ અવેજની રકમ નીચે જણાવેલી વિગતથી ચૂકતે ચૂકવી દીધા છે.

| **ક્રમ** | **બેકનું નામ/રોકડા** | **ચેક/ડી.ડી. નંબર** | **તારીખ** | **રકમ (રૂા.)** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | કુલ | |

ઉપર જણાવેલ વિગતે હમો બીજા પક્ષનાને સદરહુ પ્લોટ નંબર ......... વાળી મિલ્કતનો પુરેપુરો અવેજ કુલ્લે **રૂા................../—**અંકે રૂપિયા ..................................... પુરા પહેલા પક્ષના પાસેથી અમો બીજા પક્ષનાને ઉપરની વિગતે ચુકતે મળી ગયો છે, જેથી ભવિષ્યમાં અમો બીજા પક્ષનાએ મજકુર અવેજની ચુકવણી અંગે કોઈપણ તર—તકરાર કરવા કરાવવાની નથી અને જો કરવા કરાવવામાં આવે તો તે તમામ આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

**(૨)** સદરહુ મિલ્કતના ટાઈટલની વિગત એવી છે કે,

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલી હદમાં સમાવિષ્ટ મોજે-અલથાણના સર્વે નંબર-૩૭ થી નોંધાયેલી જમીન મૂળ જહાંગીરજી નસરવાનજીની માલિકી, કબજા, ભોગવટા વહીવટની આવેલી હતી. મજકુર જહાંગીરજી નસરવાનજી કનેથી સદરહુ જમીન તા.૧૩/૧૦/૧૯૩૯ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થકી દયાળજી કસનજીએ વેચાણ રાખેલી અને તે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર—૫૪/૨+૩૭, બ્લોક નંબર—૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

નંબર-૨૬૦, તા.૧૭/૧૧/૧૯૩૯ના રોજ દાખલ કરવામાં આવેલી અને ત્યારથી સદરહુ જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર મજકુર દયાળજી કસનજી થયેલા અને ચાલી આવેલા.

દયાળજી કસનજીના કુટુંબના સભ્યો વચ્ચે કૌટુંબિક વહેંચણ કરવામાં કૌટુંબિક વહેંચણ અન્વયે સદરહુ જમીન સુમંતરાય દયાળજીના હિસ્સે આવેલી અને તે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૫૪૯, તા.૨૩/૦૫/૧૯૫૮ના રોજ દાખલ કરવામાં આવેલી અને ત્યારથી સદરહુ જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર મજકુર સુમંતરાય દયાળજી થયેલા અને ચાલી આવેલા.

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલી હદમાં સમાવિષ્ટ મોજે-અલથાણના સર્વે નંબર-૫૪ થી નોંધાયેલી જમીન મૂળ ચંપકલાલ જેકીશનદાસ ઘીયાની માલિકી, કબજા, ભોગવટા વહીવટની આવેલી હતી. મજકુર ચંપકલાલ જેકીશનદાસ ઘીયા કનેથી સદરહુ જમીન તા.૧૧/૦૨/૧૯૪૪ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થકી દયાળજી કસનજીએ વેચાણ રાખેલી અને તે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૩૭૮, તા.૩૧/૦૫/૧૯૪૪ના રોજ દાખલ કરવામાં આવેલી અને ત્યારથી સદરહુ જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર મજકુર દયાળજી કસનજી થયેલા અને ચાલી આવેલા.

દયાળજી કસનજીના કુટુંબના સભ્યો વચ્ચે કૌટુંબિક વહેંચણ કરવામાં આવતા કૌટુંબિક વહેંચણ અન્વયે સદરહુ જમીન ગજરાબેન દયાળજીના હિસ્સે આવેલી અને તે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૮૮૪, તા.૧૫/૦૯/૧૯૭૫ના રોજ દાખલ કરવામાં આવેલી અને ત્યારથી સદરહુ જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર મજકુર ગજરાબેન દયાળજી થયેલા અને ચાલી આવેલા.

સદરહુ જમીનની વચ્ચેથી નહેર પસાર થવાથી, ક્ષેત્રફળની દુરસ્તી કરવામાં આવેલી અને સર્વે નંબર-૩૭ની દુરસ્તી બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૧૦૫૬, તા.૦૩/૧૧/૧૯૮૦ના રોજ દાખલ કરવામાં આવેલી અને આ દુરસ્તી અન્વયે સર્વે નંબર-૩૭ પૈકીનો નહેરની પશ્ચિમ તરફની જમીનનો જે ટુકડો રહેલો તેનુ ક્ષેત્રફળ સુમારે ૩૨૩૭ ચો.મી રહેલુ. તેજ રીતે સર્વે નંબર-૫૪ની દુરસ્તી બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૦૩/૦૨/૧૯૮૧ના રોજ દાખલ કરવામાં આવેલી અને આ દુરસ્તી અન્વયે સર્વે નંબર-૫૪ના બે ભાગ પડેલા અને સર્વે નંબર-૫૪નો પશ્ચિમ તરફનો જે ૩૨૩૭૬ ચો.મી ક્ષેત્રફળ ધરાવતો ભાગ રહેલો તેને સર્વે નંબર-૫૪/૨ આપવામાં આવેલો.

સદરહુ જમીનોને એકત્રીકરણ લાગુ પડતા, સર્વે નંબર-૫૪/૨ વાળી ૩૨૩૭૬ ચો.મી ક્ષેત્રફળ ધરાવતી જમીન તથા સર્વે નંબર-૩૭ વાળી ૩૨૩૭ ચો.મી.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર—૫૪/૨+૩૭, બ્લોક નંબર—૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

ક્ષેત્રફળ ધરાવતી જમીનને એકત્રીત કરી કુલ ૩૫૬૧૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનને બ્લોક નંબર-૬૫ આપવામાં આવેલો અને બ્લોક નંબર-૬૫ના માલિક, કબજેદાર તરીકે રેવન્યુ દફતરે ગજરાબેન દયાળજીનુ નામ દાખલ કરવામાં આવેલુ. જે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૧૨૦૦, તા.૨૧/૦૬/૧૯૮૩ના રોજ દાખલ કરવામાં આવેલી.

સદરહુ જમીન જે વિસ્તારમાં આવેલ છે, તે વિસ્તારને ટી.પી.સ્કીમ નંબર-૨૮(અલથાણ-ભટાર) લાગુ પાડવામાં આવતા, ટી.પી.સ્કીમ અન્વયે બ્લોક નંબર-૬૫ને ફાઈનલ પ્લોટ નંબર-૫૧ ફાળવવામાં આવેલો અને ફાઇનલ પ્લોટ નંબર-૫૧નુ આખરી ક્ષેત્રફળ ૨૫૪૬૦ નકકી થયેલુ.

સદરહુ સર્વે નંબર-૫૪/૨+ ૩૭ વાળી સુમારે ૩૫૬૧૩ ચો.મી ક્ષેત્રફળ ધરાવતી મિલકત (૧)ગજરાબેન તે દયાળજી કસનજી ભટારકરની વિધવા તથા (૨)સુમંતરાય દયાળજી ભટારકરએ પોતે તથા પોતાના એકત્ર કુટુંબના વડીલ અને મેનેજર તરીકે તા.૩૧/૦૮/૧૯૯૯ના રોજ મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર-૨૩૦૫૯થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થકી (૧)પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકી, (૨)વનિતાબેન પ્રભાતસિંહ સોલંકી, (૩)વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી, (૪)પ્રતિભાબેન વિજયસિંહ સોલંકી, (૫)ઉર્વશીબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૬)ભાવનાબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૭)અંજુબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરીનાઓને વેચાણ આપેલી અને આ રીતે ફાઈનલ પ્લોટ નંબર-૫૧ના એકલા અને સ્વતંત્ર માલિક, મુખત્યાર અને કબજેદાર વેચાણ દસ્તાવેજથી (૧)પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકી, (૨)વનિતાબેન પ્રભાતસિંહ સોલંકી, (૩)વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી, (૪)પ્રતિભાબેન વિજયસિંહ સોલંકી, (૫)ઉર્વશીબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૬)ભાવનાબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૭)અંજુબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરીનાઓ બનેલા અને ચાલી આવેલા. જે બાબતે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૧૭૦૬, તા.૦૧/૦૯/૧૯૯૯ના રોજ દાખલ કરવામાં આવેલી.

સદરહુ જમીન બાબતે (૧)પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકી, (૨)વનિતાબેન પ્રભાતસિંહ સોલંકી, (૩)વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી, (૪)પ્રતિભાબેન વિજયસિંહ સોલંકી, (૫)ઉર્વશીબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૬)ભાવનાબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરી, (૭)અંજુબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની છોકરીનાએ કલેકટરશ્રી સુરતનાને બિનખેતીની પરવાનગી મેળવવા અરજી કરતા, કલેકટરશ્રી સુરતનાએ પોતાના હુકમ ક્રમાંક નંબર-(જે)બખ/તપસ/વશી.૩૬૯૩ થી ૩૬૯૮/૨૦૦૪/પરિ.નં-૧-અ/૨૦૧૨ થી ૨૦૧૮/૨૦૦૩-૨૦૦૪, સપ્ટેમ્બર/ ૨૦૦૪. પરિ.નં-૨-અ/૯૨ થી ૯૮/૨૦૦૪-૨૦૦૫, તા.૧૭-૦૯-૨૦૦૪ ના હુકમ થી બિનખેતીના કૃત્યો કરવા માટેની કાયદેસરની પરવાનગી

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

આપેલી. સદરહુ હુકમની નોંધ રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર-૨૦૭૭ ની દાખલ કરવામાં આવેલી.

સદરહુ જમીન પ્રભાતસિંહ નાથુસિંહ વિગેરેના નામો ચાલી આવેલા છે, તે પૈકી પ્રભાતસિંહ નાથુસિંહ સોલંકી તા. ૨૯–૨–૨૦૧૨ ના રોજ ગુજરી જતા તેઓના સીધીલીટીના વારસદાર તરીકે (૧) વનિતાબેન તે પ્રભાતસિંહ નાથુસિંહ ની વિધવા, (૨) વિજયસિંહ પ્રભાતસિંહ, (૩) ઉર્વશીબેન ઉર્ફે બેલાબેન પ્રભાતસિંહ, (૪) ભાવનાબેન ઉર્ફે રીટાબેન પ્રભાતસિંહ તથા (૫) અંજુબેન પ્રભાતસિંહ છે, ઉપરોકત તમામ વારસદારના નામો પહેલાથીજ ૭/૧૨ દફતરે માલીક કજેબદાર તરીકે ચાલતા હોય ફકત પ્રભાતસિંહ નાથુસિંહનું નામ કમી કરવામાં આવ્યું અને તે અંગે રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર–૩૨૯૦ તા. ૧૩–૬–૨૦૧૩ ના રોજ પાડવામાં દાખલ કરવામાં આવી.

ત્યારબાદ, ટી.પી.સ્કીમ રી-કોન્સ્ટીટયુટ થતા, સદરહુ ફાઇનલ પ્લોટ નંબર-૫૧ વાળી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૦૯ ફાળવવામાં આવેલો. આ દરમ્યાન સદરહુ જમીન ઉપર જમીનના માલિકો ધ્વારા રહેણાંકના પ્લોટોનુ આયોજન કરવામાં આવેલું અને તે માટે સુરત મહાનગરપાલિકા પાસેથી કાયદેસરની રજાચિઠી ટી.ડી.ઓ નંબર-૨૧૬, તા.૧૪/૧૨/૨૦૦૪થી મેળવેલી. સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૪/૦૨/૨૦૦૪ના રોજ મંજૂર કરવામાં આવેલ નકશામાં દર્શાવેલ નકશા મુજબ જમીનમાં પ્લોટીંગ કરવામાં આવેલ અને કેટલાક પ્લોટનુ જમીન માલિકોએ વેચાણ કરેલુ. પરંતુ, વેચાણ કરેલ પ્લોટમાં દર્શાવેલ ઓનર્સ પ્લોટ તથા નંબર-એ/૧ થી એ/૫ તથા એ/૯ થી એ/૧૫ તથા એ/૧૬ આ પ્લોટોને લાગુ રસ્તા અને ફાળે પડતા સી.ઓ.પી તથા ઓનર્સ પ્લોટને લાગુ સી.ઓ.પીને લાગુ સી.ઓ.પી.નુ વેચાણ જમીન માલિકો તરફથી કોઈને કરવામાં આવેલ નહી અને આ તમામ પ્લોટ, જમીન માલિકોના સ્વતંત્ર, માલિકી, કબજા, વહીવટમાં બાકી રહેલા. સુરત મહાનગરપાલિકાએ તા.૧૪/૦૨/૨૦૦૪ના રોજ મંજૂરી આપી તે સમયે ટી.પી.સ્કીમની કાર્યવાહી પ્રોસેસમાં હતી અને જમીન માલિકો તરફે પોતાની માલિકીના અને નહી વેચેલા પ્લોટ તથા ઉપરોકત પ્લોટને ફાળે પડતો સી.ઓ.પી. તથા રસ્તાનો ભાગ એમાલ્ગમેટ કરી, મંજૂર લે-આઉટના બે ભાગ પાર્ટ-૧ અને પાર્ટ-૨ દર્શાવી, નહી વેચેલા અને પોતાની માલિકીના ઉપર મુજબના ભાગને પાર્ટ-૧ તરીકે દર્શાવી રીવાઇઝડ પ્લાન સુરત મહાનગરપાલિકામાં રજુ કરેલા અને સદરહુ રીવાઇઝડ પ્લાન સુરત મહાનગરપાલિકા તરફે રજાચિઠી ટી.ડી.ઓ/ડી.પી/ નંબર-૭૮, તા.૦૮/૦૭/૨૦૦૮થી મંજૂર કરવામાં આવેલા. ત્યારબાદ, ટી.પી.સ્કીમ ફાઇનલ થતાં, પાર્ટ-૧ વાળી જમીનને ફાઇનલ

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

પ્લોટ નંબર-૪૧ અને પાર્ટ-૨ વાળી જમીનને ફાઇનલ પ્લોટ નંબર-૪૦ ફાળવવામાં આવેલા. ત્યારબાદ, સદરહુ ફાઇનલ પ્લોટ નંબર-૪૧ વાળી જમીન બાબતે સુરત મહાનગરપાલિકામાં જમીન માલિકો તરફે હાઈ રાઈઝ બિલ્ડીંગ બનાવવા બાબતની પરવાનગી મેળવવા અરજી કરતાં, સુરત મહાનગરપાલિકા ધ્વારા સદરહુ અરજી ટી.ડી.ઓ/ડી.પી./નંબર-૪૮, તા.૨૦/૦૫/૨૦૧૧ના રોજ મંજૂર કરવામાં આવેલી અને હાઈરાઈઝ બિલ્ડીંગ માટેના પ્લાન મંજૂર કરી આપેલા.

ત્યારબાદ, આયોજનમાં ફેરફાર કરવા આવશ્યક લાગતા અને કરવા નકકી કરેલ આયોજન અનુકુળ નહી જણાતા, બીજાપક્ષનાઓએ, ફાઈનલ પ્લોટ નંબર—૪૧ પૈકીને સબ—પ્લોટ નંબર—૧ અને ૨ માં વિભાજીત કરાવી તે પૈકી સબ—પ્લોટ નંબર—૧માં વનિતા હાઈટસના નામની એપાર્ટમેન્ટ સ્વરૂપનું બાંધકામ કરવાનું આયોજન કરેલ અને ફાઈનલ પ્લોટ નંબર—૪૧ પૈકી, સબ—પ્લોટ નંબર—૨માં ખુલ્લા પ્લોટ માટે પરવાનગી સુરત મહાનગરપાલિકા પાસેથી ટી.ડી.ઓ./ડી.પી./નંબર—૩૩, તા. ૨૯—૪—૨૦૧૫ થી મેળવેલી અને સુરત મહાનગરપાલિકાએ મંજુર કરી આપેલ ખુલ્લા પ્લોટના પ્લાન મુજબ પ્લોટીંગ કરેલુ. ત્યારબાદ, ખુલ્લી જમીનમાં સુરત મહાનગરપાલિકા પાસેથી મંજુર કરાવેલ તા. ૨૯—૦૪—૨૦૧૫ ના પ્લોટીંગમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થતાં, મંજુર પ્લાનમાં દર્શાવેલ બી/૨ થી બી/૬ ને ભેગા કરી સુરત મહાનગરપાલિકા પાસેથી ટી.ડી.ઓ./ડી.પી./નં. ૪૯૨, તા. ૨૬—૧૨—૨૦૧૭ ના રોજ એમાલ્ગેશનના પ્લાન મંજુર કરાવેલા અને મૂળ પ્લાનમાં બી/૨ થી બી/૬ તરીકે દર્શાવેલ ભાગ સંબંધેની પુર્નરચના કરી તેમાં મૂળ મંજુર થયેલા કુલ પાંચ (૫) પ્લોટના બદલે ચાર (૪) પ્લોટનું આયોજન કરી, પ્લોટ નંબર—એ, બી, સી અને ડી તરીકે દર્શાવી સુરત મહાનગરપાલિકા પાસેથી સદરહુ પ્લોટ મુજબની સબ—ડીવીઝનની પરવાનગી ટી.ડી.ઓ./ડી.પી./નં.—૪૯૩, તા. ૨૬—૧૨—૨૦૧૭ ના રોજ મેળવેલી અને આ નવી મંજુરી મુજબ પાડવામાં આવેલ પ્લોટ નંબર—એ, બી, સી અને ડી નું આયોજન કરવામાં આવેલું. ત્યારબાદ સદરહુ બ્લોક/સર્વે નંબર—૬૫/અ અને ૬૫/ક વાળી જમીન અંગે મજુરાના મામલતદારશ્રીના હુકમ ક્રમાંક નં. ઈ.એસ.ટી./ અલથાણ/ બી.ખે. જમીન એકત્ર/વશી.૪૦૬૧ તા. ૧૯—૮—૨૦૧૬ થી સર્વે નંબર—૫૪/૨ + ૩૭ પૈકી બ્લોક નંબર—૬૫/અ અને ૬૫/ક ને એકત્ર કરવાની પરવાનગી આપવામાં

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર—૫૪/૨+૩૭, બ્લોક નંબર—૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

આવેલી અને તે અન્વયે સદરહુ જમીનને બ્લોક/સર્વે નંબર–૬૫/અ + ક આપવામાં આવેલો જે અંગે ની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર–૩૫૭૪ તા. ૨–૯–૨૦૧૬ દાખલ કરવામાં આવેલી. ત્યારબાદ જીલ્લા નિરિક્ષક જમીન દફતરના પત્ર ક્રમાંક કે. જે. પી. એસ.આર./૩/૧૭–૧૮, તા. ૨૭–૪–૨૦૧૭ ના હુકમથી દુરસ્તી કરવામાં આવેલી અને દુરસ્તી અન્વયે સદરહુ જમીનને બ્લોક/સર્વે નંબર–૬૫/અ, સુમારે ક્ષેત્રફળ ૧૩૭૯૫.૩૮ ચો.મી. આપવામાં આવેલો જે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર–૩૬૩૬ તા. ૨૯–૪–૨૦૧૭ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ જીલ્લા નિરિક્ષક જમીન દફતરના પત્ર ક્રમાંક કે.જે.પી. એસ.આર./૦૪/૧૭–૧૮, તા. ૨૭–૪–૨૦૧૭ થી બ્લોક વિભાજન કરવામાં આવેલ અને પત્રક નંબર–૨૭ આવતા તેની દુરસ્તી થતાં સદરહુ જમીનને બ્લોક વિભાજન બાદ બ્લોક/સર્વે નંબર–૬૫/અ/૧ જેનું ક્ષેત્રફળ ૫૭૫૯.૩૮ ચો.મી. અને બ્લોક/સર્વે નંબર–૬૫/અ/૨ જેનું ક્ષેત્રફળ ૮૦૩૬.૦૦ ચો.મી. આપવામાં આવેલ છે અને જે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર–૩૬૪૪ તા. ૦૭–૦૬–૨૦૧૭ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ જીલ્લા નિરિક્ષક જમીન દફતરના પત્ર ક્રમાંક કે.જે.પી. એસ.આર./૨૮/૧૭–૧૮, તા. ૧૩–૦૩–૨૦૧૮ થી દુરસ્તી કરવા માટે પત્રક નંબર–૩૦ આવતા તેની દુરસ્તી થતાં સદરહુ જમીનને દુરસ્તી બાદ બ્લોક/સર્વે નંબર–૬૫/અ/૨/૧/એ૧ જેનું ક્ષેત્રફળ ૫૦૭.૫૭ ચો.મી. આપવામાં આવેલ છે અને જે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર–૩૭૨૬ તા. ૨૭–૩–૨૦૧૮ દાખલ કરવામાં આવેલ છે  અને આ સંજોગોમાં અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને પાકો વિશ્વાસ અને ભરોસો આપી હમો બીજા પક્ષનાએ સદરહુ મિલ્કત તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી છે.

(૩) સદરહુ બન્ને પક્ષનાઓ વચ્ચે તા. ............... ના રોજ એક કાયદેસરનો સાટાખત યાને વેચાણ કરાર પ્લોટ નંબર–............ અંગે કરવામાં આવેલો, જે અંગે હમો બન્ને પક્ષકારોને જાતમાહિતી હોય તે અંગે બન્ને પક્ષકારોને તર–તકરાર રહેતી નથી અને તે અંગે હમો એકમત થયેલ છે. જેથી સદરહુ સાટાખતની રૂએ આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

**(૪)** સદરહુ પ્લોટ વાળી મિલ્કતનો પુરેપુરો ચૂકતે વેચાણ અવેજ હમો બીજા પક્ષનાને મળી ગયો છે. જેની આથી હમો બીજા પક્ષના વેચાણ આપનાર પુરેપુરી પહોંચ સ્વીકારીએ છીએ અને તે કિંમતી અવેજ બદલ હમોએ સદરહુ મિલ્કત તમોને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત દરોબસ્ત યાવતચંદ દિવાકરૌને કાળ સારૂં વેચાણ આપી છે સહી અને તેના તમોને કુલ, સ્વંતત્ર માલીક અને સંપુર્ણ કબજેદાર બનાવ્યા છે સહી અને સદરહુ વેચાણ આપેલી મિલ્કતનો કબજો હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ સ્થળ ઉપર સુપ્રત કર્યો છે સહી અને તમો પહેલા પક્ષનાએ સદરહુ મિલ્કતનો કબજો જોઈ તપાસી લીધો અને તમો પહેલા પક્ષનાએ સદરહુ મિલ્કત તમારા સંપુર્ણ માલીકી કબજા ભોગવટામાં લીધી છે સહી. તેથી આજદીન પછી સદરહુ મિલ્કત બાબતે કોઈ નવી માંગણી તમો પહેલાપક્ષનાએ કરી કરાવવાની છે નહી.

**(૫)** સદરહુ તમોને વેચાણ આપેલી મિલ્કત હમોએ હમારા પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી કાઢી માલીકી તરીકે તમારા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં સોંપી છે. જેથી સદરહુ મિલ્કતના આજથી તમો પહેલા પક્ષના માલીક મુખ્તયાર થયા હોવાથી સદરહું મિલ્કતનો વાપર ઉપયોગ, વપરાશ, યા અન્ય રીતે તેનો ઉપયોગ કરો યા વેચાણ, ગીરો, બક્ષીસ, ભાડે આપો યા અન્ય કોઈ રીતે તમારૂં દીલ ચાહે તે મુજબ તબદીલ યા ટ્રાન્સફર યા વ્યવસ્થા કરી કરાવી શકો સહી. તેમાં હમો કે હમારા વંશ, વાલી, વારસોની કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલે નહીં અને કરીએ તો તે તમામ આથી રદબાતલ થાય સહી.

**(૬)** સદરહુ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, સબંધ, હિસ્સો ન હતો અને નથી અને કોઈને લેખિત કે મૌખિક રીતે વેચાણ આપવાનું નકકી કરેલું નથી કે ગીરો, બક્ષીસ, વેચાણ કે ભાડે આપી નથી યા અન્ય રીતે ટ્રાન્સફર કે એસાઈન કે તબદીલ કરી નથી કે તેના ઉપર કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન ઉત્પન્ન કર્યા નથી કે ઈકવેટેબલ મોર્ગજમાં આપી નથી. સદરહુ જમીન કોઈપણ હેતું માટે રીઝર્વેશનમાં નથી કે સંપાદનમાં નથી કે તે અંગે કોઈ પ્રકરણ ચાલતું નથી તથા તે અંગે હમોને કોઈ નોટીશ પણ આપવામાં આવી નથી કે હમોને મળી પણ નથી. સદરહુ મિલ્કતના આધારે હમો પૈકી કોઈપણ કોર્ટના દિવાની કે ફોજદારી કેસમાં જામીન થયા

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

નથી કે અન્ય કોઈ ઠેકાણે જામીનગીરીમાં આપી નથી. ટુંકમાં સદરહુ મિલ્કત હમારા સિવાય કોઈના કોઈપણ પ્રકાર નો લાગભાગ, હકક હિસ્સો કે દરદાવો નથી જેથી સદરહુ મિલ્કત બોજા રહીત તદન નકરજી, નજોખમી અને ચોખ્ખા મોર્કેટેબલ ટાઈટલવાળી છે. એવો તમોને પાકો ભરોસો અને પાકો વિશ્વાસ આપી તમારી પાસેથી કિંમત અવેજ લઈને સદરહુ મિલ્કત તમોને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી છે સહી. આમ છતાં વેચાણ આપવાના ટાઈટલમાં ખામી પડે તો કે કોઈ દાવેદાર, હકકદાર, હિસ્સેદાર કે દાવેદાર પેદા થઈને કોઈપણ જાતનો હકક હિસ્સો કે દરદાવો કરતો આવે તો તે અંગેનો જવાબ હમારે હમારા ખર્ચે દેવો સહી.

(૭) તમો પહેલાપક્ષનાએ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ પ્લોટવાળી જમીનની માપણી કરી ક્ષેત્રફળ જોઈ તપાસી સદરહુ પ્લોટવાળી જમીનનો કબજો લઈ લીધેલ છે જેથી ભવિષ્યમાં તમો પહેલા પક્ષનાએ વેચાણ આપેલ પ્લોટવાળી જમીનનુ ક્ષેત્રફળ ઓછુ હોવાનુ કોઈપણ જાતની તર–તકરાર તમો પહેલા પક્ષનાએ કે તમારા વંશવાલી વારસોએ કરી કરાવવાની નથી અને જો તમો પહેલા પક્ષના એવી તર–તકરાર કરી કરાવે તો તે તમામ આ વેચાણ દસ્તાવેજથી રદ બાતલ થાય સહી તેમજ સદરહુ પ્લોટવાળી જમીનના ક્ષેત્રફળ અંગેની ભવિષ્યમાં કોઈ પણ જવાબદારી હમો વેચાણ આપનાર યાને હમો બીજા પક્ષનાની કે હમારા વંશવાલી વારસોની રહેશે નહી.

(૮) સદરહુ જમીનના તમો પહેલા પક્ષનાને સ્વતંત્ર સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર બનાવ્યા હોવાથી માલીક તરીકે સદરહુ જમીન તમો પહેલા પક્ષના હરકોઈને પણ ચાર્જ, ગીરો, વેચાણથી યા બક્ષિસથી અગર તો હરકોઈ રીતે લખી આપો તેમજ તેની ઉપર નાણાં કે લોન ઉપાડો તમેજ તે હરકોઈને ઈકવીટેબલ મોર્ગેજમાં લખી આપો તેમજ તેની ઉપર મંજુર પ્લાનમાં જણાવેલ બાંધકામના ક્ષેત્રફળ મુજબ બાંધકામ કરો, કરાવો, વસો, વસાવો તેમજ તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરો કરાવો તેમાં હમો બીજાપક્ષનાએ કોઈપણ પ્રકારની અટકાયત કે તર– તકરાર કરવા કરાવવાની નથી તેમ કરવા કરાવવા હમો બીજાપક્ષનાઓ હકકદાર નથી.

(૯) સદરહુ મિલ્કત તમો પહેલા પક્ષનાને સ્વતંત્ર અને સંપુર્ણ માલીક બનાવ્યા હોવાથી આજદિન પછીના સદરહુ મિલ્કતને લગતા સુરત

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

મહાનગરપાલિકાના તમામ વેરાઓ, સોસાયટીના મેઈન્ટેન્સ વિગેરે ભરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાના શીરે છે સહી અને રહેશે સહી. તેમજ સદરહુ પ્લોટવાળી જમીનના સુરત મહાનગરપાલિકાના વેરા ના બેટરમેન્ટ ચાર્જ તથા ડેવલોપમેન્ટ ચાર્જ તેમજ સરકારી, અર્ધસરકારી લેણા પ્રર્વતમાન કાયદા મુજબ તેમજ ભવિષ્યમાં  કાયદા મુજબ જે કાંઈ હશે અને આવશે તે ભરપાઈ કરવાની જવાબદારી તમો પ્રથમ પક્ષનાની છે અને રહેશે સહી.

**(૧૦)** સદરહુ જમીનના સરકારી દફતરે, તલાટી દફતરે તથા સુરત મહાનગરપાલિકા દફતરે તેમજ હરકોઈ રેકર્ડઝ ઓફરાઈટસ  દફતરે તમો પહેલા પક્ષનાના નામે ટ્રાન્સફર કરવા માટે જરૂર પડયે હમો બીજા પક્ષનાએ હમારી સહીઓ તથા કબુલાતો આપવી  સહી અગર તો આ વેચાણ દસ્તાવેજ થકી પણ હમો બીજા પક્ષનાની સહીઓ તથા કબુલાતો ગણી લઈ સદરહુ જમીન તમો પહેલા પક્ષનાના નામે ટ્રાન્સફર કરાવી શકો સહી.

**(૧૧)** સદરહુ જમીન અંગે સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી અન્વયે મંજુર થયેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબના રાખવામાં આવેલ રોડ, રસ્તાઓનો તમો  પહેલા પક્ષનાએ પણ અન્ય પ્લોટ હોલ્ડરો સાથે આવવા જવા, વાહનો લાવવા લઈ જવા તથા દરેક પ્રકારના ઈસેન્સીયલ સપ્લાયના કનેકશનો લાવવા લઈ જાવ માટે રાસુકો ઉપયોગ કરવાનો રહેશે અને તે અંગે નો મેઈનટેન્સ ચાર્જ તથા રોડ, રસ્તાના તથા સુરત મહાનગરપાલિકાના તમામ વેરાઓ પણ તમો પહેલા પક્ષનાએ પણ ફાળે પડતા હિસ્સે આપવાનો રહેશે સહી તેજ રીતે મજકુર જમીનમાં આવેલા તમામ સી.ઓ.પી ઓનો તમો પહેલા પક્ષનાએ અન્ય પ્લોટ હોલ્ડરો સાથે રાસુકો વાપર ઉપયોગ, ઉપભોગ  કરી કરવાનો રહેશે અને તે અંગે નો મેઈનટેન્સ ચાર્જ તથા તમામ સી.ઓ.પીનો સુરત મહાનગરપાલિકાના તમામ વેરાઓ પણ તમો પહેલાપક્ષનાએ પણ ફાળે પડતા હિસ્સે આપવાનો રહેશે સહી તેવી સ્પષ્ટ સમજ અને સમજુતી તમો પ્રથમ પક્ષનાનએ આપી  આ વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ કરી આપવામાં આવેલ છે.

**(૧૨)** તમો પહેલાપક્ષનાએ હમો બીજાપક્ષના કનેથી ફકત ખુલ્લા પ્લોટના વેચાણ માટેની માંગણી હોવાથી હમો બીજાપક્ષનાએ ફકત ખુલ્લા પ્લોટનું વેચાણ કરેલ છે. સદરહુ પ્લોટ વેચાણ આપ્યા બાદ તમો પહેલાપક્ષનાએ તમારી મરજી

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

પડે તે મુજબ બાંધકામ કરવાનું થાય તો સદરહુ ખુલ્લા પ્લોટ ઉપર સુરત મહાનગરપાલિકા કનેથી જરૂરી નવા પ્લાન પાસ કરાવી બાંધકામો કરવાના રહેશે અને ત્યારબાદ પહેલાપક્ષનાએ જાતે જરૂરી બી.યુ.સી. વિગેરેની પરવાનગીઓ મેળવવાની રહેશે અને તે સંબંધે હમો બીજાપક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહી.

**(૧૩)** સદરહુ પ્લોટના વેચાણને લગતા હમો બીજા પક્ષનાના માલીકી હકકના પેપર્સો તથા અન્ય આનુસાંગિક પેપર્સોની ઝેરોક્ષ નકલો તમો પહેલા પક્ષનાને સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ સદરહુ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ તમો પહેલા પક્ષનાએ કર્યો છે અને સદરહુ વેચાણ દસ્તાવેજની તમામ સ્ટેમ્પ ડયુટીની જવાબદારી તમો પહેલા પક્ષનાના શીરે છે સહી અને રહેશે સહી આમ છતાં જો ભવિષ્યમાં વધુ સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય કે રજીસ્ટ્રેશન ફી ભરવાની થાય તો તે તમામ ભરવાની જવાબદારીઓ તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

**(૧૪)** સદરહુ વેચાણ આપેલ મિલ્કત એ રહેઠાણ માટેની મિલ્કત છે. જેની વેચાણ કિંમત તથા વ્યાજબી બજાર કિંમત ઉપર કાયદેસર ના જનરલ સ્ટામ્પ વાપરી આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે.

**(૧૫)** આ દસ્તાવેજ સાથે સ્ટેમ્પ એકટ હેઠળનું ફોર્મ નંબર ૧ તથા ઈનપુટશીટ પક્ષકારોની સહી સાથે રજુ કરેલું છે.

## :: વેચાણ આપેલી મિલ્કતની વિગત ::

સુરત ડીસ્ટ્રીકટ, સીટી સબ—ડીસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલી હદમાં સમાવિષ્ટ મોજે—અલથાણના સર્વે નંબર—પ૪/૨+૩૭, બ્લોક નંબર—૬પ/અ/૨/..... ટી.પી.સ્કીમ નંબર—૨૮ (અલથાણ—ભટાર) ફાઈનલ પ્લોટ નંબર—૪૧ વાળી જમીન પૈકી સબ—પ્લોટ નંબર—૨ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૮૦૩૬ ચો.મી. છે તે બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર—બી/૨ થી બી/૬ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૧૨૧૫.૮૯ ચો.મી. છે તે પૈકી સબ પ્લોટ નંબર—......... જેનું ક્ષેત્રફળ ............ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ખુલ્લા પ્લોટવાળી મિલ્કત તેને લગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકો સહિત કુલ્લે દરોબસ્ત.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર—પ૪/૨+૩૭, બ્લોક નંબર—૬પ/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

(( ))

| પ્લોટ નંબર | પ્લોટનું ક્ષેત્રફળ ચો.મી. | રોડમાં હિસ્સો ચો.મી. | સી.ઓ.પી.માં હિસ્સો ચો.મી. | કુલ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| | | | | |

જેની ચતુર સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉતરે :

દક્ષિણે :

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ આપણે બન્ને પક્ષકારોએ આજરોજ રાજીખુશીથી, વાંચી–વંચાવી, સાંભળી–સમજી, તન અને મનની સંપૂર્ણ સાવધ અવસ્થામાંક, કોઈપણ જાતના દાબ–દબાણ, ધાક–ધમકીકે લાલચને વશ થયા વિના કાર્યો છે, જે આપણે પક્ષકારો તથા આપણા પક્ષકારોના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે..................................................મતુ તત્રે................................................શાખ

______________________________

વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી પોતે તથા મૂળ જમીન માલીકો પૈકી નંબર–૧ થી ૫ ના કુલમુખત્યાર તરીકે

______________________________

**(સાક્ષીનું નામ તથા સરનામું મોબાઈલ નંબર સાથે)**

______________________________

**(સાક્ષીનું નામ તથા સરનામું મોબાઈલ નંબર સાથે)**

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

(( ))

સુરત ડીસ્ટ્રીકટ, સીટી સબ–ડીસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલી હદમાં સમાવિષ્ટ મોજે–અલથાણના સર્વે નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ ટી.પી.સ્કીમ નંબર–૨૮(અલથાણ–ભટાર) ફાઈનલ પ્લોટ નંબર–૪૧ માં પાડવામાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી પ્લોટ નંબર– ના ફોટોગ્રાફ

**ખરીદનારની સહી :** **વેચનારની સહી :**

.......................................... .......................................

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

**વેચાણ આપનાર તથા ખરીદનારના ફોટોગ્રાફસ, સહીઓ તથા અંગુઠાના નિશાનો.**

વેચાણ આપનારઃ–

સહી :–

.......................................
વિજયસિંહ પ્રભાતસિંહ સોલંકી પોતે તથા મૂળ જમીન માલીકો પૈકી નંબર–૧ થી ૫ ના કુલમુખત્યાર તરીકે

**વેચાણ રાખનાર :–**

સહી :–

.......................................
(                                        )

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |

(( ))

પરિશિષ્ટ

## નોંધણી અધિનિયમ – ૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ(હા કે ના) |
|---|---|---|
| | લખી આપનાર, સંમતી આપનાર કે તેઓના કુ.મુ. ને પૂછવાના પ્રશ્નો | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ સુરત ડીસ્ટ્રીકટ, સીટી સબ–ડીસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલી હદમાં સમાવિષ્ટ મોજે–અલથાણના સર્વે નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ ટી.પી.સ્કીમ નંબર–૨૮(અલથાણ–ભટાર) ફાઈનલ પ્લોટ નંબર–૪૧ માં પાડવામાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી પ્લોટ નંબર–...... ના થાય છે, તે મિલકત તમોએ વેચાણ પ્રકારનો લેખ કરી આપેલ છે? | |
| ૨ | તબદિલી લેખમાં વેચાણ આપનાર તરીકે તમે સહી કરી છે કે કેમ? | |
| ૩ | તબદિલીના લેખમાં જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ તમોને મળેલ છે? લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવી, સમજી વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો? | |
| ૪ | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે? | |
| ૫ | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર આપનાર વ્યકિત/ઓ એ સહી / અંગુઠાનુ નિશાન કરેલ છે? | |
| ૬ | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે? | |
| ૭ | તબદિલીના લેખમાં વેચાણ આપનાર તરીકે તમે જાતે હોવા બાકબતે તમને ઓળખે તેવી વ્યકિતઓ લાવ્યા છો? | |
| | ઓળખ આપનારને પૂછવાના પ્રશ્નો | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો? | |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે? | |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

**વેચાણ આપનારની સહી**

.............................................

.............................................

**ઓળખ આપનારની સહી**

............................................

............................................

............................................

**સબ રજીસ્ટ્રાર**

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ વિસ્તાર | બ્લોક / સર્વે નંબર | પ્લોટ નંબર | ટી.પી. નં. એફ.પી. નં. | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેચાણ | અલથાણ | સર્વે/બ્લોક નંબર–૫૪/૨+૩૭, બ્લોક નંબર–૬૫/અ/૨ | | ટી.પી. નં. ૨૮ એફ.પી. નં. ૪૧ | |